જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૩/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૫૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૦૩/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૦૨	૧	૧૧૩૦૩	૧૭૪૨૨	૧	૧૭૪૨૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૦	૦	૭૦	૨૭૮	૦	૨૭૮
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૯૦૬૬	૧	૨૯૦૬૭	૩૦૪૨૩	૧	૩૦૪૨૪
કુલ		૪૫૧૪૦	૨	૪૫૧૪૨	૫૪૩૪૯	૨	૫૪૩૫૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૨	૯,૨૭,૮૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૯૬	૪,૯૬,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન

સોલા સીવીલ હોસ્પીટલમાંથી થયેલ પાંચ લાખ ની કોપર વાયર ચોરી ડિટેકટ કરવામાં આવી

શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.વી.અસારી સાહેબ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી ડો. રવિન્દ્ર પટેલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ સોલા સીવીલ હોસ્પીટલમાંથી કોપરની પાઇપોની ચોરી કરતી ટોળકીને શોધી કાઢવા કરેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સીધા સુપરવિઝન હેઠળ બનાવેલ ટીમને બનેલ ગુનો શોધી કાઢવા સુચના કરેલ હોય જે આધારે CCTV સર્વેલન્સ ની મદદથી નીચે જણાવેલ આરોપીઓને મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આરોપીઓ:-

(૧) સંજય શંકરભાઇ ઠાકોર
(૨) અનિકેત ઉર્ફે અમીત પરમાર
(૩) અવિનાષ રમેશભાઇ ચૌહાણ

શોધાયેલ ગુનો:-

(૧) સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.પાર્ટ-એ-૧૧૧૯૧૦૪૫૨૧૦૧૭૭ ધી ઇપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા સીનીયર પોલીસ ઈન્સ્પેકટર તથા સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. એમ.જે.હુણ તથા સર્વલન્સ સ્કોડના એ.એસ.આઇ ગોપાલસિંહ, હે.કોન્સ. રઘુવીરસિંહ, પો.કોન્સ. મહિપતસિંહ, પો.કોન્સ. સંદિપકુમાર અમ્રુતભાઇ તથા સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો જોડાયેલા હતા.

ક્રાઇમબ્રાંચ :

એક લેડીઝને સોનાની વીંટી સાથે પકડી ઓઢવમાં ઝવેલર્સની દુકાનમાં થયેલ ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના અધિક પોલીસ કમિશનરશ્રી પ્રેમ વીર સિંગ સાહેબ તથા નાયબ પોલીસ કમિશનરશ્રી ચૈતન્ય આર. મંડલીક સાહેબ નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ચોરીઓના ગુન્હાઓનો ભેદ ઉકેલવા સારૂ સુચના તથા માર્ગદર્શન આપેલ.

જે સુચના અને માર્ગદર્શન આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.એન.ચાવડા નાઓના સ્કર્વાડના પો.સ.ઈ. શ્રી એસ.જે.વાઘેલા તથા પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર નાઓ સ્કર્વાડના માણસો સાથે આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા.

દરમ્યાન તા.૧૦/૦૩/૨૦૨૧ ના રોજ સ્ટાફના હે.કો. ભરતભાઈ શીવરામભાઈ તથા હે.કો. કૌશિક ગોવિંદભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે ઓઢવ પંચવટી ત્રણ રસ્તા પાસેથી એક બહેન હિનાબેન ઉર્ફે કાળી વા/ઓફ નિરંજન ઉર્ફે નિલેશ જીતેન્દ્રભાઈ નાગર ઉ.વ.૨૭ રહે: બળીયાદેવનો ટેકરો મંગલપાંડે હોલની સામે પંચવટી નિકોલ અમદાવાદ શહેરને એક સોનાની વીંટી કિં.રૂ.૩૩,૮૫૦/- મત્તાની સાથે પકડી પાડેલ. જે સોનાની વીંટી તેણે ચોરી અગર છળકપટથી મેળવેલ હોવાનું જણાઈ આવતાં આ સોનાની વીંટી સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ કબજે લઇ સદરી બહેનને તા.૧૦/૦૩/૨૦૨૧ ના કલાક ૧૭/૧૫ વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ.

પકડાયેલ બહેનની પુછપરછ તપાસ દરમ્યાન તેણે ઓઢવ રધુવીલા એવન્યુ સુવર્ણરાજ જવેલર્સ નામની દુકાનમાંથી દુકાન માલિકની નજર ચુકવી વીંટીના બોક્ષમાં ડુપ્લીકેટ વીંટી મુકી અસલ વીંટી ચોરી કરેલ હોવાનું જણાવેલ છે. જે બાબતે તપાસ દરમ્યાન ઓઢવ પો.સ્ટે. નો ચોરીનો ગુન્હો શોધાયેલ છે.

ચોરીનો ગુનો આચરેલ હોવાની કબુલાત

આજથી આશરે સાડા છએક માસ અગાઉ ઓઢવ રધુવીલા એવન્યુ સુવર્ણરાજ જવેલર્સ નામની દુકાનમાં સાંજના સમયે ગયેલ અને દુકાનમાં હાજર સોનીની નજર ચુકવી સોનાની વીંટીના બોક્ષમાંથી ઓરીજીનલ વીંટી કાઢી લીધેલ અને તેની જગ્યાએ બોક્ષમાં ડુપ્લીકેટ વીંટી મુકી ચોરી કરેલ છે.

શોધાયેલ ગુન્હો

ઓઢવ પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૭૨૦૦૯૭૦/૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ ૩૮૦ મુજબ.

ગુનાહિત ઈતિહાસ

પકડાયેલ હિનાબેન ઉર્ફે કાળી પોતાના પતિ નિરંજન ઉર્ફે નિલેષ સાથે અગાઉ સોનીની દુકાનમાં ખોટા દાગીના મુકી સાચા દાગીનાની નજર ચુકવી ચોરી કરવાના નીચે મુજબના ગુનાઓમાં પકડાયેલ છે.

(૧) સને-૨૦૧૮ માં રામોલ પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામાં પકડાયેલ છે.

(૨) સને-૨૦૨૦ માં એલીસબ્રીજ પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામાં પકડાયેલ છે.

પકડાયેલ ઉપરોકત બહેને આ સિવાય અન્ય આવા પ્રકારના ગુનાઓ આચરેલ છે કે કેમ ? તે બાબતે તેની પુછપરછ ચાલુ છે.



પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

પી.સી.બી.

“સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તાર માથી ડસ્ટર કારમાથી વિદેશી દારુની બોટલો નંગ-૪૦૮ તથા બીયર નંગ ૨૨૮ મળી કુલ્લે બોટલો નંગ-૬૩૬ કિ.રુ.૨,૩૯,૨૮૦/ ની તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રૂપિયા ૪,૫૮,૯૦૦/- ની મત્તાના મુદામાલ સાથે બે આરોપીઓને ઝડપી પાડતી પી.સી.બી.”

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા આપેલ સુચના આધારે પી.સી.બી. પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૧૦.૦૩.૨૦૨૧ ના રોજ પી.સી.બી સ્ટાફના અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહÊ અહેકો વિજયસિહ હિંદુજી, અહેકો યોગેન્દ્રસિહ હઠીસિહ, અહેકો મુકેશભાઈ રામાભાઈ, અહેકો શૈલેષભાઈ દેવાભાઈ તથા અહેકો કૃષ્ણરાજસિંહ હનુભા વિગેરે માણસો પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો કૃષ્ણરાજસિંહ હનુભા તથા અહેકો યોગેન્દ્રસિહ હઠીસિહ નાઓને સંયુક્તરીતે મળેલ ચોકક્સ બાતમી હકીક્ત આધારે સરખેજ શાંતિપુરા સર્કલ હોટલ સફર સામે જાહેર રોડ ઉપરથી ડસ્ટર કાર નંબર જી.જે.૦૧ આર.એન.૮૦૯૦ માથી વિદેશી દારૂની સીલબંધ બોટલો નંગ ૪૦૮ તથા બિયરના ટીન નંગ ૨૧૬ તથા બિયરની કાચની બોટલો નંગ ૧૨ મળી કુલ્લે બોટલો નંગ-૬૩૬ કિ.રુ.૨,૩૯,૨૮૦/ તથા અન્ય મુદામાલ મળી કુલ્લે રૂપિયા ૪,૫૮,૯૦૦/- ની મત્તાના સાથે કારચાલક શૈલેષકુમાર સોમાજી ગામેતી રહે.ગામ કંનબઈ તા- ખેરવાડા જી- ઉદેપુર (રાજસ્થાન) તથા બાજુની સીટ ઉપર બેસેલ સહઆરોપી હરીશકુમાર રામાજી અહારી રહે- ગામ લક્ષ્મણપુરા તા-ખેરવાડા જી- ઉદેપુર (રાજસ્થાન) તથા સહ આરોપી નાઓને પકડી લઈ કાયદેસરની કાર્યવાહી કરી સરખેજ પો.સ્ટે. ખાતે\ સી પાર્ટ ગુરન.૧૧૧૯૧૦૪૮૨૧૦૨૫૩/૨૦૨૧ પ્રોહિ એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

ગુનાની જગ્યા : સરખેજ શાંતિપુરા સર્કલ હોટલ સફર સામે જાહેર રોડ ઉપરથી

પકડાયેલ મુદામાલ (૧) ભારતીય બનાવટના વિદેશી દારુની સીલબંધ બોટલો નંગ ૪૦૮ તથા બિયરના ટીન નંગ-૨૧૬ તથા બિયરની કાચની બોટલો નંગ ૧૨ મળી કુલ બોટલો નંગ-૬૩૬ કુલ કિ.રુ.૨,૩૯,૨૮૦/ (૨) મોબાઈલ ફોન નંગ ૩ કિ.રુ.૮,૫૦૦/ (૩) રોકડા રુપિયા ૧૧,૧૨૦/ (૪) ડસ્ટર કાર જી.જે.૦૧ આર.એન.૮૦૯૦ કિ.રુ.૨Ê૦૦Ê૦૦૦/ મળી કુલ્લે રુપિયા ૪,૫૮,૯૦૦/ ની મત્તાનો મુદામાલ

પકડાયેલ આરોપીઓ:

(૧) હરીશકુમાર રામાજી અહારી રહે-ગામ લક્ષ્મણપુરા તા-ખેરવાડા જી- ઉદેપુર (રાજસ્થાન)

(૨) શૈલેષકુમાર સોમાજી ગામેતી રહે.ગામ કંનબઈ તા- ખેરવાડા જી-ઉદેપુર (રાજસ્થાન)

વોન્ટેડ આરોપી : નારાયણસિહ રહે- આબુ રોડ રાજસ્થાન







નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૫૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૫૩ લીટર દેશી દારૂ, ૩૮૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૧૬ બિયર ટીન, ૧૨ બિયર બોટલ, ૧ સ્કુટર, ૧ કાર અને ૨ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૯,૭૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૪૫૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરી :- **સમાચાર યાદી નં.૪૫૫/૨૦૨૧**

કાગડાપીઠ : કમળાબહેન ગૌતમભાઇ પરમાર (ઉ.વ.૬૫)(રહે,આર્યનગર સોસાયટી, વેદમંદીર પાસે, ફુટબોલ ગ્રાઉન્ડ કાંકરીયા) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૩/૨૦૨૧ ના કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે બહેરામપુરા શિવાલય ફલેટની વણકર વિજય સોસાયટીની ગલીમા બે અજાણ્યા પુરૂષ એ ભેગામળી કમળાબહેનની કાનની બુટ્ટી ધોવાનું જણાવી, વિશ્વાસ કેળવી કમળાબહેનની નજર ચુકવી બન્ને કાનની સોનાની બુટી તેમજ બન્ને કાનની કાનસેર કુલ કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૪૫૬/૨૦૨૧**

સોલા હાઇકોર્ટ : નયનાબહેન વા/ઓ જયંતીભાઇ પટેલ (ઉ.વ.૬૧)(રહે.અનુરાગ બંગ્લોઝ, બી.આર.પાર્ક બાજુમાં, સીમ્સ હોસ્પીટલ રોડ, સાયન્સસીટી , સોલા) એ અગમ્ય કારણસર તા.૫/૦૩/૨૦૨૧ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઉપરના માળે પોતાની જાતે ઉધઈ મારવાની દવા પી લેતા, સારવાર અર્થે તેમને સિમ્સ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૦૩/૨૦૨૧ ના કલાક ૬/૦૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કિરીટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

વેજલપુર : અન્જુમપરવીન ડો/ઓ સફિઉદ્દીન શેખ (ઉ.વ.૩૯)(રહે.રોયલપાર્ક વિભાગ-૨ હરીયાળી સોસાયટીની બાજુમા, જુહાપુરા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૩/૨૦૨૧ સવારના ૧૧/૧૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે છત ના હુકમા દુપટ્ટો બાંધી તેમજ પ્લાસ્ટીકના પીળા કલરની વાયર જેવી દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડિ.રોહિત ચલાવે છે.

ચાંદખેડા : ભરતભાઈ વિરમભાઈ શ્રીમાળી (ઉ.વ.૪૭)(રહે.સમર્થ ડુપ્લેક્ષ કવિશા સોસાયટી ની બાજુમાં, ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૩/૨૦૨૧ ના કલાક ૦૪/૫૫ વાગ્યા પહેલા કોઈપણ સમયે ચાંદખેડા ઓરેન્જ મોલના ચાર માળ પૈકી કોઈ માળે થી નીચે પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઈ જયંતીભાઈ ચલાવે છે.

સરદારનગર : અર્જુનભાઇ ભાણાભાઇ મારવાડી (ઉ.વ.૧૬)(રહે. કબીરનગરના છાપરા ગલી નંબર-૫ ની સામે, નોબલનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૩/૨૦૨૧ સવારના ૮/૫૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે ગળે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.સી.જાડેજા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી